<u>કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દાહોદ ખાતે "ગાજર ઘાસ જાગૃતત્તા સપ્તાહ" ઉજવણી</u>

ગાજર ઘાસ જાગૃતત્તા સપ્તાહના ભાગરૂપે તા. ૧૧/૦૮/૨૦૧૬, તા.૧૨/૦૮/૨૦૧૬ તથા ૨૩/૦૮/૨૦૧૬ના રોજ એક-એક દિવસીય જાગૃતિ-વ-તાલીમ કાર્યક્રમ યોજાઇ ગયો. જેમાં તા.૧૧/૦૮/૨૦૧૬ના રોજ કૃષિ ઇજનેરી પોલીટેકનિકના ૩૦ વિદ્યાર્થીઓને તથા ૧૨/૦૮/૨૦૧૬ના રોજ ૪૨ ખેડૂત ભાઇઓ-બહેનો તેમજ ૨૩/૦૮/૨૦૧૬ના ૩૫ ખેડૂત ભાઇઓ-બહેનોને ગાજર ઘાસની ઉત્પત્તિ, દેખાવો તથા તેની માનવ સ્વાસ્થ્ય તથા પર્યાવરણ પર થતી ગંભીર અસરો વિશે ડો. યુ. એમ. પટેલ, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી , પ્રો. એન. કે. રાઠોડ વૈજ્ઞાનિક(પાક સંરક્ષણ), ડો. એસ. કે. પટેલ વૈજ્ઞાનિક(કૃષિ ઇજનેરી), પ્રો. એચ. એલ. કાચા વૈજ્ઞાનિક(બાગાયત), પ્રો. જી. કે. ભાભોર વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ), પ્રો. એન. ડી. મકવાણા વૈજ્ઞાનિક(સસ્ય વિજ્ઞાન) દ્વારા વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. તા. ૨૩/૦૮/૨૦૧૬ના રોજ એઆઇસીઆરપી- નીંદણ વ્યવસ્થાપન યોજના , બી.એ.સી.એ., આકૃયુ, આણંદના પ્રો. ડી. ડી. ચૌધરી , જુનિયર એગ્રોનોમીસ્ટે ગાજર ઘાસની સંપૂર્ણ માહિતી આપી હતી. અંતમાં તમામ તાલીમાર્થીઓ તથા વૈજ્ઞાનિકો દ્વારા ગાજર ઘાસ અંગે લોકોમાં જાગૃતિ વધે તથા તેનો ફેલાવો અટકાવવા કટીબધ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.





તા. ૧૧/૦૮/૨૦૧૬






તા.૧૨/૦૮/૨૦૧૬








તા. ૨૩/૦૮/૨૦૧૬